# ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કૉલેજને કેમિસ્ટ્રીના અનુસ્નાતક અભ્યાસ માટે મંજૂરી

## ગુજરાત યુનિ. દ્વારા કૉલેજના રસાયણશાસ્ત્ર વિભાગને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી ઍમઍસસી, કૅમિસ્ટ્રીના અભ્યાસ માટે મંજૂરી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ સંલગ્ન સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગરને ઍમઍસસી, કૅમિસ્ટ્રીના અભ્યાસ માટે મંજૂરી આપવામાં આવી છે.

આ અંગેની એક અખબારી યાદીમાં કૉલેજ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગરના સઘન અને સતત પ્રયત્નોના પરિપાકરૂપે યુનિવર્સિટી દ્વારા આ કૉલેજના રસાયણશાસ્ત્ર વિભાગને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી ઍમઍસસી, કૅમિસ્ટ્રીના અભ્યાસ માટે મંજૂરી આપવામાં આવી છે.

હાલ ગાંધીનગર ખાતે એક પણ કૉલેજમાં સરકારી ધોરણે ઍમઍસસી, કૅમિસ્ટ્રીના અભ્યાસ માટેની સવલત ઉપલબ્ધ ન હોવાથી આ કૉલેજમાં આ અભ્યાસક્રમ શરૂ થતાં શહેર તેમજ આસપાસનાં ગામોમાંથી આવતા વિદ્યાર્થીઓને અનુસ્નાતક કક્ષાએ ઉચ્ચ અભ્યાસ માટેની સોનેરી તક ઉપલબ્ધ થશે.

આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ કૉલેજમાંથી પીન મેળવીને ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે, એમ આ અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.




પ્રેરણા વિદ્યાલય ખાતે તાજેતરમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અતિથિ તરીકે સૅક્ટર-૫ એ વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, ઉપપ્રમુખ તથા ખોડિયાર માતા મંદિરના ટ્રસ્ટી સાગરદાન ગઢવી, પેથાપુર પ્રાથમિક શાળાનાં પૂર્વ શિક્ષક નિરુબેન વાઘેલા, પોલીસ કોન્સ્ટેબલ જિજ્ઞેશભાઈ ડોડિયા, પ્રજાપતિ સમાજ મહિલા પાંખનાં પ્રમુખ લીલાબેન પ્રજાપતિ અને કોકિલાબેન ઉપસ્થિત રહ્યાં હતાં. ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને આચાર્ય મનિષભાઈ ખત્રીએ સમગ્ર પ્રસંગની રૂપરેખા આપી હતી. ધોરણ-૧ તથા ધોરણ-૯માં પ્રવેશ પ્રાપ્ત વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા અને તેમને કુમકુમ તિલક કરી, મોઢું મીઠું કરાવી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. દરેક વિદ્યાર્થીને આ પ્રસંગે શૈક્ષણિક કિટની પણ ભેટ ધરવામાં આવી હતી. આભારવિધિ શિક્ષક પારૂલબા રાઠોડ દ્વારા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંજનાબેન ચાવડા, પ્રગીતાબેન ગોંડલિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

અફસોસ!
આ દુનિયામાં
સિંહ જેવી સ્વસ્થતા
હાથી જેવું સૌષ્ઠવ
સમડી જેવી ચપળતા
ગાય જેવી કરુણા
બગલા જેવી એકાગ્રતા
અજગર જેવી નિરાંત
ઓછા લોકો પાસે છે.
બેહદ અફસોસ!
અને આ બધા ગુણો
એક જ વ્યક્તિમાં
જોવા નથી મળતા!

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ટ્યુબલાઈટ
૧.૩૦, ૪.૩૦
૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
ટ્યુબલાઈટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
રાબતા
૧૨.૪૫
બાહુબલિ-૨
૩.૪૫
હિન્દી મીડિયમ
૭.૦૦
કરસનદાસ પે ઍન્ડ યુઝ
૯.૩૦

**સ્ક્રીન-૫**
ટ્યુબલાઈટ
૧૧.૩૦, ૨.૩૦, ૮.૩૦

**સ્ક્રીન-૬**
ટ્યુબલાઈટ
૫.૩૦
હિન્દી મીડિયમ
સવારે ૧૦.૦૦
રાબતા
૧૨.૪૫




બેંક ઓફ ઈન્ડીયા સેક્ટર-૧૬ ખાતે ઘર ઘર દસ્તક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આજના દિવસે ભારતભરમાં મોટા શહેરોમાં બેંક ઓફ ઈન્ડીયા દ્વારા આ યોજનાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં લાભાર્થીઓની હોમલોન, કારલોન, પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ બેંક પરિસરમાં ટાઈટન આઈ પ્લસ દ્વારા ફ્રી નેત્રનિદાન કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે ડીજીએમ નેશનલ બેંન્કીંગ ગૃપના શેખાવત, ડેપ્યુટી જનરલ મેનેજર અંબુમની, બ્રાન્ચ મેનેજર મૃદુલાબેન, સીનીયર મેનેજર વિજય દવે, માર્કેટીંક મેનેજર જતીનચંદ્ર ભારૂ તેમજ બેંક સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. આ પ્રસંગે બેંક ખાતેદારોની મહાનુભાવો દ્વારા બેંકની વિવિધ યોજનાઓ વિષે માહિતી આપવામાં આવી હતી.



તાલુકાની ચિલોડા સ્થિત સરકારી પ્રાથમિક શાળા ખાતે વી.કેર. ફાઉન્ડેશન દ્વારા ચિલોડા ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી વસુમતીબેન ડી. પટેલના અધ્યક્ષસ્થાને ચોપડા વિતરણનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળામાં ભણતા ધો. ૩ થી ૮ના તમામ બાળકોને મહાનુભાવોના હસ્તે ચોપડા અર્પણ કરવામાં આવ્યા હતા. વી.કેર. ફાઉન્ડેશન સંસ્થાની સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓમાં યોગ, પ્રાણાયામ, આસન જેવી પ્રવૃત્તિઓ, બેટી બચાવો, બેટી પઢાવો, સ્ત્રીભ્રૂણ હત્યા નાબુદી, વ્યસનમુક્તિ, રક્તદાન કેમ્પ, વૃક્ષારોપણ, પક્ષીપરબ, પક્ષીચણ, ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ, મેન પાવર મેનેજમેન્ટ, પર્સનાલીટી ડેવલપમેન્ટ જેવી પ્રવૃત્તિઓમાં કાર્યરત હરહંમેશ રહે છે. આ પ્રસંગે વી.કેર ફાઉન્ડેશનના પ્રમુખ જે.સી. પટેલ, બોર્ડ ઓફ ડીરેક્ટર સુધાબેન એ. પટેલ, ગામની અગ્રણી મહિલા કમળાબેન, રંજનબેન, એસ.એમ.સી.ના શિક્ષણવિદ્ નટુભાઈ પટેલ, ટીનાજી ઠાકોર, ધર્મેન્દ્રજી ઠાકોર ઉપસ્થિત રહી બાળકોને ચોપડી વિતરણ કર્યુ હતુ. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ જે.સી. પટેલે બાળકોને રમતા-રમતાં યોગ નિદર્શન દ્વારા શિક્ષણ આપી સંસ્કારના સિંચન માટે હળવાશભરી વાતોથી બાળકોને આનંદવિભોર બન્યા હતા. કાર્યક્રમનું આયોજન આચાર્યા હર્ષદભાઈ પટેલ તથા સંચાલન ચીનુભાઈ પરમારે કર્યુ હતું.

# શહેરની સંસ્થાઓ દ્વારા શામળાજીમાં સેવાકાર્ય




એમ પી ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ, સમદર્શન અને ગાંધીનગર એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા શ્રી ગજાનન સેવા સમિતિની સાથે રહીને શામળાજી વિસ્તારની કુલ ૧૧ નિશાળોને એક અનોખા સેવાયજ્ઞમાં આવરી લેવામાં આવી હતી, જે અંતર્ગત આ નિશાળોમાં વિદ્યાર્થીઓને અભ્યાસલક્ષી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કુલ ૬૬૫ વિદ્યાર્થીઓને આ વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. ૫૦૦ નંગ ફૂલસ્કેપ નોટબૂક, ૪૮૦ નોટબૂક, ૯૦ નાનાં દફતર, ૭૦ મોટાં દફતર, ૧૦૦ નંગ પેન્સિલ, રબર, સંચા તથા ૫૦ કલર પેન્સિલનાં બૉક્સ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યાં હતાં. દેવની મોરી, હિંમતપુર, ગોઢ, નવલપુર, શ્યામપુર, વજાપુર, વાઘપુર, ફુલ્લા, ૫૩ છાપરા, કુસ્કી છાપરા તથા ભવાનપુરની નિશાળને આ સેવાકાર્ય અંતર્ગત આવરી લેવામાં આવી હતી. સંસ્થા વતી નરેશ ચૌધરી, મિલિન્દભાઈ અને ગામેતીભાઈએ આ સેવાકાર્ય સંપન્ન કર્યું હતું.

## તક્ષશિલા માધ્યમિક વિદ્યાલય દ્વારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

સૅક્ટર-૧૩ ખાતે કાર્યરત તક્ષશિલા માધ્યમિક વિદ્યાલય ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે આઈએઍસ એમ ઍસ ડાગુર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગરના પ્રાચાર્ય આઈ વી પટેલ અને લાયઝન અધિકારી દેવીલાબેન ઠાકર ઉપસ્થિત રહ્યાં હતાં, જેમના હસ્તે ધોરણ-૯ના વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ધોરણ-૯ની વિદ્યાર્થીનીઓને સાઈકલ અને પુસ્તકોની ભેટ ધરવામાં આવી હતી. આ પ્રસંગે શાળામાંથી તાજેતરમાં નિવૃત્ત થયેલા શિક્ષકનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈ. આચાર્ય બી બી પ્રજાપતિ, બી એન ઠાકર, રજનાકાંત દવે, મીનાક્ષીબેન રાવલ, ભરતભાઈ ગમારા તથા પ્રદીપભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ વધારતો વિદ્યાર્થી



ગાંધીનગર, તા. ૨૫

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ધૃમિલ પરીખે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઑફ મૅડિકલ સાયન્સ દ્વારા લેવાતી ઍમબીબીઍસ ઍન્ટ્રન્સ ઍક્ઝામ-૨૦૧૭માં ઓવરઓલ રેન્કિંગમાં ૧૮૫૬મો ક્રમાંક મેળવી શાળા અને પરિવારનું નામ રોશન કર્યું છે.

સમગ્ર વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ પરિવારથી આ તેજસ્વી વિદ્યાર્થીને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# હું મારો રાહ બદલીશ નહીં, ભલે મારે હજાર વાર મરવું પડે

**સંવેદના – મારું પ્રિય પુસ્તક**

કોઈએ કહ્યું છે કે, 'લેટર્સ આર ડેડ' પરંતુ હું માનું છું કે લેટર્સ કેન બી અવર બેસ્ટ ફ્રેન્ડ.


સ્કૂલ, કૉલેજ અને કુટુંબના એ પ્રકારના માહોલમાં મારો ઉછેર થયો કે વાચનનો શોખ શૈશવકાળથી જ કેળવાયો. ક મા મુન્શીની જય સોમનાથ, રાજાધિરાજ, પાટણની પ્રભુતા, ર વ દેસાઈની દિવ્ય ચક્ષુ, ગ્રામલક્ષ્મી, શોભના, કાકાસાહેબની પ્રવાસનો આનંદ, શરદબાબુની શ્રીકાંત, વિરાજવહુ, મનુભાઈ પંચોલીની દીપ નિર્વાણ, ઝેર તો પીધાં છે જાણી જાણી, બંધન અને મુક્તિ વગેરે અણમોલ કૃતિઓનો વાચનસ્વાદ માણ્યો. પણ એ સૌમાં શિરમોર સમી, મનુભાઈ પંચોલી 'દર્શક'ની સોક્રેટિસ, જે પાંચથી છ વખત વાંચી. દરેક વખતે એ વાંચીને અનેરી તાજગી મળી.


સત્યને ખાતર, હસતાં-હસતાં ઝેરનો પ્યાલો ગટગટાવનાર સોક્રેટિસ આપણા પ્રાચીન ઋષિઓ કરતાં જરાય પાછળ નથી. ઋષિએ પ્રચંડ સૂરમાં આહલેક જગાવી : આખાયે વિશ્વને હું સુસંસ્કૃત, સુસભ્ય અને દિવ્ય બનાવીશ. મારી સંગે કોઈ ચાલે કે ન ચાલે. અને ઈશ્વરીય મૂલ્યો પ્રસ્થાપિત કરવાના નાદમાં આવા સેંકડો ઋષિઓ ફના થઈ ગયા.

અદાલતમાં મૃત્યુદંડની સજા પામેલા સોક્રેટિસને કોર્ટ એ શરતે મુક્ત કરવા તૈયાર છે જો તે પોતાની સત્યની શોધ પડતી મૂકે અને પોતાના સ્વતંત્રતાના વિચારોનો પ્રસાર ન કરે. ત્યારે સોક્રેટિસ પૂરા આદર અને વિનયથી કહે છે, હું તમારા કરતાં ઈશ્વરની આજ્ઞા માનવાનું પસંદ કરીશ. મારામાં શ્વાસ છે ત્યાં સુધી હું ડહાપણની શોધ કરતાં અટકીશ નહીં તેમજ જે કોઈ મળશે તેને આ સત્ય સંભળાવતો રહીશ. કેવી નીડરતા! સોક્રેટિસ કહે છે : મારા મિત્રો, મને કહેવા દો. ધનના ઢગલા, કીર્તિ કે માનપાન પાછળ આટલા ઉધામા શા માટે ? શીલ, સત્ય અને આત્માની પૂર્ણતા માટે ચિંતા કરો. સંપત્તિમાંથી શીલ આવતું નથી પણ શીલ પાછળ બધું જ - જે મૂલ્યવાન છે તે - આવશે. હું મારો રાહ બદલીશ નહીં, ભલે મારે હજાર વાર મરવું પડે...

જે આરપાર વિંધાઈ ગયો નથી અને જેને બીજું બધું અસાર લાગતું નથી તેના સિવાય કોઈના અંતરમાંથી આવી વાણી ઉપજે નહીં!

એક ઠેકાણે સોક્રેટિસ કહે છે : જાડાં લુગડાં, સાદો ખોરાક, સાદો આસવ અને સહજ આનંદ - આથી વધુ મેળવવા જવું એયલે યુદ્ધ...




અન્ય કોઈ પ્રસંગે સોક્રેટિસના મુખેથી સાંભળવા મળે છે, જ્ઞાન હું એને જ કહું છે જેના આશરે આપણે સ્થિરમતી, આનંદમય અને મૈત્રીપૂર્ણ થઈએ.

એપોલોડોરસ અને મીડિયા સોક્રેટિસનાં માનસ સંતાનો જેવાં છે, જે લેખકનાં કલ્પિત પાત્રો છે. સોક્રેટિસની આંતર તસવીર તેના જીવન દર્શનને વાચકના દિલમાં જીવતું રાખવા આ પ્રણયકથાનું સંયોજન છે. અન્ય પાત્રોથી ગૂંથણી સોક્રેટિસને બરાબર સમજવા માટે લેખકે ખૂબ કલાત્મક ઢબે આલેખી છે. તત્કાલિન ગ્રીસ, એથેન્સ નગરની જાહોજલાલી, વિશાળ દરિયો, ખીણો, દેવ-દેવીઓનાં મંદિરો, પૂજાવિધિઓ, કલાંવતી, દેવદર્શિની, નૌકાયુદ્ધ તથા મેદાની યુદ્ધો, ઘાયલો તથા ગુલામોની, કેદીઓની યાદના અને તેમાંય ચમકતા વીરત્વ, ધૃતિ અને દાક્ષિણ્ય અને આખાય આ માહોલમાં સદાય હરતો-ફરતો વિરૂપ ચહેરાવાળો છતાં સત્યના તેજથી ઝળહળતા પ્રકાશમાન મુખારવિંદથી શોભતો અડગ, દૃઢ, નિશ્ચયી ચાલથી ડગ માંડતો નિર્ભય સોક્રેટિસ. આ બધું જ વર્ણન તદ્દન વાસ્તવિક લાગે તેટલી હદે રોચક અને પ્રતીતિજનક છે.

વાચકને જીવન વિષે ચિંતન કરતો મૂકી સોક્રેટિસની સાથે જ લેખક પણ વિદાય લે છે. ગુજરાતી ગદ્ય સાહિત્યના ખજાનામાં સોક્રેટિસ એ અણમોલ રત્ન સમાન કૃતિ છે.

અંગ્રેજો ગયા પછી આટલાં વર્ષો બાદ પણ ભારતના જન સમાજના માનસમાંથી ગુલામી ગઈ નથી. સુપ્ત પ્રજાના ખમીરને ઢંઢોળવા, આવા જ કોઈ સત્યના મશાલચી સોક્રેટિસની આપણને જરૂર છે એમ નથી લાગતું ?

**- વર્ષા સુધીર મોદી**
**સેક્ટર-૮**

મેં અત્યાર સુધી ઉત્તમ ઐતિહાસિક નવલકથાઓ વાંચી છે પરંતુ મને જે જીવનમાં સ્પર્શી ગઈ છે તેનાં પાત્રો હું ભૂલી શકતો નથી અને જે નવલકથામાં ગુજરાતની ભૂતકાળની જાહોજલાલી, શાંતિ હતી તેને ગીઝનીના બાદશાહ મહમદ ગીઝનીએ ખંડિત કરી, તેના લાવારસે પાટણ બાળ્યું, સોમનાથ મંદિર તોડ્યું અને ભીમદેવ રાજા જીવ બચાવવા કંથકોટ ભાગી ગયેલા.

તેવી પરિસ્થિતિને લક્ષમાં લઈ સ્વ. કનૈયાલાલ માણેકલાલ મુન્શીએ જે ઐતિહાસિક નવલકથાઓ લખી છે તેમાં પાટણની પ્રભુતા ખાસ વાંચવા જેવી, સમજવા જેવી અને જૂના જમાનાની ખટપટો વિશે જાણવા જેવી છે. તે જમાનાના વેપારીઓ, મંત્રીઓ, રાજપૂતો, મંડલેશ્વરો પોતપોતાની શક્તિ તેમજ શૌર્યમાં ઉણા ઉતરે તેમ નહોતા. તે સમયના મહામંત્રી મુંજાલ મહેતાએ તેમને સીધા રાખવા ડહાપણ વાપરી રસ્તો કાઢી કેવી રીતે પરિસ્થિતિને કાબૂમાં કરેલી તે સમજવા આ પુસ્તક ખૂબ જ ઉપયોગી થાય તેમ છે.

મહામંત્રી મુંજાલ મહેતાએ ચાણક્યનીતિ વાપરીને મિનળદેવીને રાજાની માનીતી કરી, સામંતોને પાટણને તાબે કર્યા, જૈન બુદ્ધિથી પાટણનું ગૌરવ પાછું મેળવ્યું. આ પુસ્તક એક જ બેઠકે પૂરું કરવા મન તત્પર થઈ જાય છે. મેં મારા આ પ્રિય પુસ્તકને સાત વાર વાંચ્યું છે.

**- એમ આઈ સુથાર**
**સેક્ટર-૨૪**



સૅક્ટર-૮ ખાતે કાર્યરત આદર્શ નિવાસી શાળા (અ જા કુમાર) ખાતે તાજેતરમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, જિલ્લા નીરક્ષક ભરતદાન ગઢવી, ગાંધીનગર મહાનગરપાલિકાનાં સભ્ય મધુબેન પ્રજાપતિ, જિલ્લા નાયબ નિયામક (અનુસૂચિત જાતિ કલ્યાણ) નયનાબેન શ્રીમાળી સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ ગૌરવ ગાન તથા દેશભક્તિ ગીત અને યોગની રજૂઆત કરી હતી. ત્યારબાદ મહાનુભાવોએ ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને પુસ્તકની કિટ અર્પણ કરી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે શાળાના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્રણ વિદ્યાર્થીઓએ બેટી બચાવો, પાણી બચાવો અને વૃક્ષો બચાવો વિષયે સુંદર વકતવ્યો આપ્યાં હતાં. વિદ્યાર્થીઓને સમયનો સદુપયોગ કરી જીવનને શ્રેષ્ઠ બનાવવાનો સંદેશ મહાનુભાવોએ આપ્યો હતો તથા આ પ્રસંગે વૃક્ષારોપણ પણ કર્યું હતું.